# ખેતી / બીન ખેતી વિષયક દબાણો નિયમીત કરવા બાબત

સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃદબણ/૧૦૭૨/૨૮૭૬૫/લ, તા. ૮-૧-૧૯૮૦ ના સંકલિત ઠરાવથી સરકારી જમીન ઉપરના દબાણો નિયમબદ્ધ કરી આપવાની જોગવાઇ છે. દબાણદારે સાદા કાગળ ઉપર ૬૫ પૈસાની કોર્ટ ફી સ્ટેમ્પ સાથે સરકારશ્રીના મહેસૂલ વિભાગને અરજી કરવાની રહે છે. જેમાં જે તે દબાણ દૂર કરવું એ પાયાનો સિદ્ધાંત રાખેલ છે. જે જમીનો જાહેર હેતુઓ માટે સરકારને જરૂરી જણાશે, તેવી જમીન ઉપરનું દબાણ કોઇપણ સંજોગોમાં નિયમબદ્ધ કરી આપવામાં આવશે નહી. આવું દબાણ દૂર કરવાથી સરકારને બીજો કોઇ ખાસ લાભ થતો ન હોઇ, અથવા જાહેર હીતને નુકશાન કર્તા ન હોઇ અને દબાણદારને ભારે નુકશાન થાય તેમ હોય તેવા સંજોગોમાં દબાણ નિયમિત કરવા વિચારણા કરવાની રહે છે. દબાણોથી રેખા નિયંત્રણ કે બાંધકામ નિયમોનો ભંગ થતો હોય તેવા દબાણો પણ નિયમિત કરવામાં આવતા નથી. વ્યાપારિક કે ઔદ્યોગિક હેતુ માટેના દબાણો સામાન્ય સંજોગોમાં નિયમિત ન કરવા, ખાસ સંજોગોમાં આવા દબાણ માટે બજાર ભાવની અઢી ગણી શિક્ષાત્મક કિંમત લઇ શરતી દબાણ નિયમિત કરી આપવાની જોગવાઇ છે.

ખેતીની જમીન પરના દબાણો નિયમિત કરવા માટે જોગવાઇઓ કરેલ છે, તે મુજબ દબાણદારનું ખાતું ૮ એકરથી વધે નહિ તે પ્રમાણે દબાણ નિયમિત કરી શકાય છે. જયારે સરકાર દાખલ થયેલી વિકસિત જમીનના દબાણ માટે ખાતેદારનું કુલ ખાતું ૪ એકરથી વધે નહિ તેવી મર્યાદામાં બજાર કિંમતની અઢી ગણી રકમ લઇ દબાણ નિયમિત કરી આપવાની જોગવાઇ છે.

વણ ખેડાયેલી જમીન ઉપરનું દબાણ આકારના ૩૦ પટથી, ખેડાયેલી જમીન ઉપરનું દબાણ આકારના ૬૦ પટથી જેમાં દબાણદાર પછાત વર્ગના હોય તો અનુક્રમે ૬ પટ અને ૧૫ પટથી દબાણ નિયમિત થઇ શકે છે. ટેકનીકલ દબાણ ખાતેદારનું કુલ ખાતું એક પોષણક્ષમ ક્ષેત્ર અથવા ૧૬ એકરની મર્યાદામાં વધે નહિ તે રીતે નિયમિત કરી શકાય.

બીનખેતી વિષયક દબાણ માટે બજાર કિંમતના અઢી ગણી કિંમત વત્તા દબાણ કર્યા તારીખથી નિયમબદ્ધ થાય ત્યાં સુધીનો ઉપજ દંડ વસુલ લઇ ગુણદોષ આધારે દબાણ નિયમિત કરવાપાત્ર થાય છે. આ દબાણો છ મોટા શહેરોમાં થયેલ હોય તો, સાર્વજનિક હેતુ માટેની જગ્યામાં હોય તો ગુણદોષ આધારે નિર્ણય કરવાનો રહે છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા નફાકાર પ્રવૃત્તિ સિવાયના હેતુઓ માટે દબાણ હોય તો રૂ.૧/- નો દંડ લઇ દબાણ નિયમિત કરી શકાશે. ધાર્મિક હેતુ માટેના દબાણ નિયમિત કરતા પહેલાં પોલીસ અધિક્ષકશ્રીનો અભિપ્રાય મેળવવાનો રહે છે.